ગાંધીનગર સમાચાર

આવતીકાલે જિલ્લાના પાંચ વર્ષ સુધીના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપાં પીવડાવવામાં આવશે

## @ગાંધીનગર

● મા મેલડી મંડળ દ્વારા કૈલાશબેન નાયકના નિવાસસ્થાન પ્રમુખ જીઓની રેસીડન્સ, સરગાસણ ખાતે આનંદનો ગરબો બપોરે ૨.૩૦ થી ૫.૦૦ કલાક દરમિયાન યોજાશે.

# સે-૨૪માં ગેસ લીકેજ થતા આગ

## આગની ઘટનામાં કોઈ જાનહાની કે મોટું નુકશાન થયું નથી

ગાંધીનગર, તા.૧૫

શહેરના સે-૨૪ ઈન્દિરાનગરમાં રહેણાંક મકાનમાં સવારે અચાનક ગેસ સિલીન્ડર લીકેજ થતા આગ ભભૂકી ઉઠી હતી. જેથી ઘરમાં ભારે દોડધામ મચી જવા પામી હતી. જો કે આગથી કોઈ નુકશાન થવા પામ્યું નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર સેકટર-૨૪ ઈન્દિરાનગર મકાન નં. ૧૯૨માં રહેતા ભીમજીભાઈ સિંધવના ઘરે આજે સવારે અચાનક જ ગેસ ચાલુ હતો તે દરમિયાન ગેસના સિલીન્ડરમાં આગ લાગી જવા પામી હતી. જોત જોતામાં ભયંકર અવાજ સાથે આગ સમગ્ર ગેસ સિલીન્ડરની આસપાસ ફેલાઈ હતી. પરિણામે ઘરમાં હાજર પરિવારજનો ભયભીત બની ઘરની બહાર દોડી આવ્યા હતા. આગની ઘટનાની જાણ ફાયર બ્રિગેડને થતાં ફાયર ઓફીસર મહેશ મોડની સુચનાથી તુરંત ફાયરની ટીમ બનાવ સ્થળે દોડી આવી મીનીટોમાં જ આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે આગની ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની કે નુકશાન થવા પામ્યું નથી.



## વાતવાતમાં

● રાજય સરકારે અચાનક હુક્કાબાર પ્રતિબંધનો નિર્ણય જાહેર કરતા ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં હજુ થોડાક જ સમય પહેલા અઢળક ખર્ચે બનેલા બે વૈભવી હુક્કાબારના માલિકોની હાલત કફોડી થઈ જવા પામી છે. બે પૈકી એક હુક્કાબાર તો છેક ચીનથી આયાત કરાયેલા સાધનો અને સુશોભનથી વિકસાવાયો હતો.

● સે-૨૮ જીઆઈડીસીમાં એક ઊંટલારી ચાલકે તેના ઊંટને જયાં બાંધ્યો હતો તેની નજીકથી પસાર થઈ રહેલ બે પાઈપ વચ્ચે આ ઊંટનો પગ ફસાઈ જવા પામ્યો હતો. ઊંટના પગને બહાર કાઢવા ફાયરબ્રિગેડને બોલાવાઈ હતી પરંતુ ફાયર બ્રિગેડની ટીમ પહોંચે તે પહેલા સદભાગ્યે ઊંટનો પગ બહાર નીકળી જવા પામ્યો હતો.

● ગાંધીનગરમાં સીસીટીવી કેમેરાના આધારે વાહનચાલકોને ફટકારવામાં આવતા ઈ ચલણમાં સંલગ્ન સૂચનાઓ મુજબ દંડની રકમ નજીકના પોલીસ સ્ટેશને જઈ ભરી આપવા જણાવાયું હોય છે. આ સૂચના જોઈ નજીકના પોલીસ સ્ટેશને મેમો ભરવા ગયેલા વાહનચાલકોને સે-૨૨માં ટ્રાફિક પોલીસ સ્ટેશને મોકલવામાં આવે છે જેથી વાહનચાલકોને નાહકના ધરમધક્કાનો વધુ ભોગ બનવું પડે છે.

● રાજયના પંચાયત મંત્રી દ્વારા સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે યોજવામાં આવેલ પત્રકાર પરિષદ દરમિયાન ઈલેક્ટ્રીક પ્લગ ભરાવવા જતા શોર્ટ સર્કિટ થતા એકાએક આગના ચમકારા સાથે ધુમાડો નીકળવા લાગ્યો હતો. જો કે આ સમયે જીટીપીએલ ચેનલના કેમેરામેન નરેન્દ્રભાઈએ સતર્કતા દાખવી પ્લગ બહાર ખેંચી લેતા મોટી દુર્ઘટના ટળી હતી.

# ચિલોડા માર્કેટયાર્ડ ખાતે કેશલેસ ટાર્ન્ઝેકશાન સાક્ષરતા કાર્યક્રમ યોજાયો





ચિલોડા, તા.૧૫

ચિલોડા માર્કેટ યાર્ડ ખાતે દેનાબેંક લીડ બેંક સેલ ગાંધીનગર દ્વારા કેશલેસ ટ્રાન્ઝેકશન દ્વારા કેવી રીતે તમામ નાણાકીય વ્યવહારો કરી શકાય તેનો તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. પીઓએસ મશીન અંગે પણ વેપારીઓને સમજણ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં દેના બેંક શાખાના નાણાકીય સાક્ષરતા સલાહકાર પ્રવિણચંદ્ર પંડયાએ કેશલેશ ટ્રાન્ઝેકશન અંગેની તમામ વિગતોની સમજણ આપી હતી. વેપારીઓને પીઓએસ મશીન વસાવવા તથા તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એપીએમસીના ચેરમેન શ્રી રસિકભાઈ પટેલ, ઉપપ્રમુખ કેશવલાલ, જિલ્લા રજીસ્ટ્રાર ઉર્વશીબેન બ્રહ્મભટ્ટ, મંડળીઓના ચેરમેનો, મંત્રીઓ, વેપારીઓ, ખેડૂતો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# આવતીકાલે જિલ્લાના પાંચ વર્ષ સુધીના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપાં પીવડાવવામાં આવશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના સરકારી તથા જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ અને હોમીયોપથી દવાખાનાઓમાં પાંચ વર્ષ સુધીના બાળકોને તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ સવારના ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન વિના મૂલ્યે સુવર્ણપ્રાશનના ટીપાં પીવડાવવામાં આવશે. આ સુવર્ણ પ્રાશનના ટીપાં આયુર્વેદ ઓ.પી.ડી સીવીલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે પણ પીવડાવામાં આવશે. જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ભાવનાબેન પટેલે જણાવ્યુંછે કે, ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મૂલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ ડાં. દવે સુવર્ણામૃત શીરપ નામથી પુરી પાડવામાં

**સુવર્ણ પ્રાશનના ટીપાં જિલ્લા પંચાયત સંચાલિત અને સરકારી આયુર્વેદ અને હોમોયોપથી દવાખાનાઓમાં પીવડાવવામાં આવશે**

આવી છે. તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ ગાંધીનગર જિલ્લાના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપાં પીવડાવવામાં આવનાર છે. આ સુવર્ણપ્રાશનના ટીપાં ગાંધીનગર તાલુકાના પોર, જમીયતપુરા, સરઢવ, કુડાસણ, મગોડી, ટીંટોડા, દોલારાણા વાસણા, અમીયાપુરા, ચિલોડા તથા ડભોડા હોમિયોપથી દવાખાનું, સેકટર-૭, સેકટર- ૨૯, સીવીલ હોમિયોપેથીક ઓ.પી.ડી અને સીવીલ આયુર્વેદ ઓ.પી.ડી ખાતે પીવડાવવામાં આવશે. તે ઉપરાંત માણસા તાલુકાના રિદ્રોલ, પરબતપુરા અને સરકારી હોમિયોપેથીક દવાખાનું, માણસા ખાતે, કલોલ તાલુકામાં ઈસંડ અને કલોલ સરકારી આયુર્વેદ દવાખાનું, રામનગર અને અલુવા હોમિયોપથી દવાખાનામાં તથા દહેગામ તાલુકામાં પીપળજ અને ખાનપુર અને કજોદરા ગામના સરકારી હોમિયોપથી દવાખાનામાં સુવર્ણ પ્રાશનના ટીપાં પીવડાવવામાં આવશે.

# મધુર પરિવાર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મધુર ડેરી પરિવાર દ્વારા તારીખ ૧૭-૧૨-૦૧૬ને શનિવારના રોજ બપોરે ૨ થી ૫ કલાકે ડૉ. આંબેડકર ભવન, સે-૧૨, ગાંધીનગર ખાતે આવનારા ૨૦૧૭ના વર્ષને વધાવવા તેમજ વર્ષ ૨૦૧૬ના વિદાય લેતા વર્ષને ઉજવવા પરસ્પરના અભિનંદનની આપ-લે માટેનો 'સ્નેહ મિલન' કાર્યક્રમ તથા 'સરકાર દ્વારા પેમેન્ટ માટે ડિજીટલ બેન્કીંગ' સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે સમારંભના ઉદઘાટક તરીકે અજયભાઈ પટેલ, ચેરમેન, ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લી., મુખ્ય મહેમાન તરીકે આર.એસ. સોઢી, મેનેજીંગ ડિરેકટર, જીસીએમએમએફ, અતિથિ વિશેષ તરીકે શ્રીમતી ઉર્વશીબેન બ્રહ્મભટ્ટ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગર તેમજ મધુર પરિવારના મોભી એવા ડૉ. શંકરસિંહ રાણા તથા સંઘ સયોજિત દૂધ મંડળીઓના ચેરમેનશ્રીઓ, કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ અને સભાસદ એવા દૂધ ઉત્પાદક ભાઈ-બહેનો ઉપસ્થિત રહેશે તેવું ડેરી ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ જણાવ્યું છે.

# ડભોડા પોલીસે દારૂની હેરાફેરી કરતી ફંટી ગાડી પકડી પાડી

ગાંધીનગર, તા.૧૫

ડભોડા પોલીસને બાતમી મળી હતી કે દહેગામ રોડ તરફથી એક મારૂતી ફંટી ગાડી આવી રહી છે. તેમાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે તેને આધારે વોચ ગોઠવીને ગાડી સાથે અમદાવાદ કુબેરનગર વિસ્તારના શખ્સને પકડી પાડવામાં આવ્યો હતો. પોલીસે રૂ. ૮૩૫૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કુબેરનગરના શખ્સની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

ડભોડા પીએસઆઈ એન.એમ.ચૌધરી તથા તેમની ટીમે ચોકકસ બાતમીને આધારે દહેગામ-ડભોડા રોડ પર વૉચ ગોઠવી હતી બાતમી વાળી ફંટી ગાડી નં. જીજે ૦૧ એ આર ૮૨૮૧ આવતા ગાડી ઉભી રાખવા ડ્રાઈવરને ઈશારો કર્યો હતો. પરંતુ પોલીસને જોઈને ગાડી તે શખ્સે ઉભી ન રાખતા પીછો કરીને ગાડી પકડી હતી. ગાડીમાં તપાસ કરતાં અંદરથી વિદેશી દારૂની ૧૨૦ નંગ બોટલોનો જથ્થો મળી આવ્યો હતો દારૂની હેરાફેરી કરનાર શખ્સ કુબેરનગરનો વિજય ઉર્ફે વિજુ સુરેશ ગોસ્વામી હતો. વિજય ઉર્ફે વિજુની ધરપકડ કરી ડભોડા પોલીસે રૂ. ૪૮ હજારની કિંમતનો દારૂ, ગાડી અને મોબાઈલ મળી કુલ રૂ. ૮૩,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો દાખલ કર્યો છે. દારૂ કયાંથી લાવ્યો હતો અને કયાં લઈ જવાઈ રહ્યો હતો તે અંગે તપાસ શરુ કરવામાં આવી છે.



# શ્રાવણી ગઝલ સંધ્યા કાર્યક્રમ યોજાશે

શ્રી ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આં.રા.પુ.વૈ. પરિષદના ઉપક્રમે તા. ૨૫-૧૨-૧૬ને રવિવારના રોજ ડાભા મુકામે ઝારીજી ભરવા તેમજ સાંજે વ્રજધામ મંદિર, વડોદરા ખાતે શ્રી ઈન્દીરાબેટીજી મદોહયા દ્વારા પ્રેરિત ટ્રસ્ટના ઉપક્રમે તેઓના પુસ્તકનું વિમોચન તેમજ શ્રાવણી ગઝલ સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ અંગે મંદિર તરફથી ૨x૩ લકઝરી બસની વ્યવસ્થા રાખવામાં આવી છે. તો ઈચ્છા ધરાવનાર વૈષ્ણવોએ ન્યોછાવર આપી પોતાના નામ કાર્યાલયમાં તા. ૨૨-૧૨-૧૬ સુધીમાં નોંધાવવા જણાવાયું છે. જે વૈષ્ણવોને ઝારીજી ભરવાની ઈચ્છા હોય તેઓએ આગલા દિવસે ઉપવાસ કરવાનો રહેશે.

# રમતા રમતા અઢી વર્ષનું બાળક પાણીના હોજમાં ડુબી ગયું

## આલમપુર ગામમાં બનેલી ઘટના : બાળક ડુબી ગયું હોવાની જાણ પરિવારને થતા હોસ્પિટલ લઈ જવાયો પરંતુ ત્યાં સુધીમાં બાળકનો શ્વાસ રૂંધાઈ ચુકયો હતો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક આલમપુર ગામમાં આજે સવારે અઢી વર્ષનું બાળક ઘર આંગણે રમી રહ્યું હતું ત્યારે અચાનક પાણીના હોજમાં પડી ગયું હતું. પરિવારજનોનું ધ્યાન જતાં તાત્કાલિક બાળકને હોજમાંથી કાઢી હોસ્પિટલ લઈ જવાયું હતું પરંતુ ત્યાં સુધીમાં માસુમ બાળકનું પ્રાણપંખેરું ઉડી જવા પામ્યું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ આલમપુર ગામમાં રહેતું અઢી વર્ષનું બાળક ધાર્મિક સનાજી સોલંકી આજે વહેલી સવારે ઘર આંગણે રમતા રમતા પાણીના હોજ પાસે પહોંચી ગયું હતું. ઘરના સભ્યો પોત પોતાના કામમાં વ્યસ્ત હતા અને બાળક કયાં રમી રહ્યું છે તેનાથી અજાણ હતાં. રમતા રમતા બાળક હોજમાં પડી ગયું અને ડુબી ગયું હતું. અચાનક બાળકને શોધતા શોધતા પરિવારજનોનું ધ્યાન પાણીના હોજમાં પડતા ચોંકી ગયા હતા. બાળક પાણીના હોજમાં ડુબી ગયું હતું. તાત્કાલીક તેને હોજમાંથી કાઢીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયો હતો જો કે ત્યાં સુધીમાં બાળકનો શ્વાસ રૂંધાઈ ચુકયો હતો. ચિલોડા પોલીસ મથકના જમાદાર મોહનભાઈએ અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે તો બીજી તરફ અઢી વર્ષના બાળકના મૃત્યુના સમાચારથી આલમપુર ગામમાં શોકની કાલીમા છવાઈ ગઈ છે.

# આવતીકાલે ચૈતન્ય સ્કૂલનો 'ચૈતન્યોત્સવ' ઉજવાશે

ગાંધીનગરની ચૈતન્ય સ્કૂલ દ્વારા તા. ૧૭મી ડિસેમ્બરે શાળાના વાર્ષિકોત્સવ 'ચૈતન્યોત્સવ-૨૦૧૬'નું આયોજન કરવામાં આવ્યું છે. ચૈતન્યોત્સવ બે ભાગમાં ઉજવાશે. જેમાં નર્સરીથી ધો-૫ સુધીના બાળકો માટે બપોરે ૩ કલાકે 'એરાઉન્ડ ધ વર્લ્ડ' અને ધો-૬ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે સાંજે ૬ કલાકે 'કલર્સ ઓફ ધ વિન્ડ' યોજાશે. સમગ્ર ચૈતન્યોત્સવ સે-૧૭માં ટાઉનહોલ ખાતે આયોજિત કરાયો છે.

ચૈતન્યોત્સવ ૨૦૧૬ના પ્રથમ ચરણ 'એરાઉન્ડ ધ વર્લ્ડ' કાર્યક્રમમાં ગાંધીનગરના આર્ગ્યુ સોફટના પ્રેસિડેન્ટ તથા વિદ્યા નિકેતન ટ્રસ્ટના ખજાનચી રવિ ગોપાલન મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે જયારે કાર્યક્રમ 'કલર્સ ઓફ ધ વિન્ડ'માં આદિજાતિ વિકાસ બોર્ડના કમિશનર રવિ શંકર મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. ચૈતન્યોત્સવ ૨૦૧૬માં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ચૈતન્ય સ્કૂલ દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ માટેની થીમ 'વર્લ્ડ વિધાઉટ બોર્ડર્સ' નિયત કરવામાં આવેલી છે.

# વાઈબ્રન્ટ સમિટને પગલે ગાંધીનગર જિલ્લામાં વધુ ૮ પીએસઆઈ મુકાયા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર ખાતે આગામી જાન્યુઆરી માસમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની વાયબ્રન્ટ સમીટ યોજાનાર છે. જે અનુસંધાને ગઈ મોડી સાંજે રાજય પોલીસ વડા દ્વારા અલગ અલગ જિલ્લાઓમાંથી વધુ આઠ પીએસઆઈનાં ગાંધીનગર જિલ્લામાં બદલીના આદેશ જારી કર્યા છે. જેમાં એસ.સી.આર.બી.માંથી પી.જે. પંડયા, વડોદરા શહેરમાંથી જે.ડી. દેવડા, જામનગરથી બી.એમ. પટેલ, વડોદરા શહેરથી વી.બી. દેસાઈ, અમદાવાદ શહેરથી વી.એમ. દેસાઈ, પંચમહાલથી એસ.બી. પઢેરીયા, ભાવનગરથી કે.જે. રાઠોડ અને રાજકોટ શહેરથી શિલ્પાબેન એમ. ચૌધરીનો સમાવેશ થાય છે. આઠેય પીએસઆઈને ગાંધીનગર જિલ્લામાં બદલીના હુકમ કરી સત્વરે હાજર થવા આદેશ કરવામાં આવ્યો છે.

# વોર્ડ નં. ૮માં અર્બન હેલ્થ સેન્ટર ચાલુ કરવા માંગ

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેકટર-૩ ન્યુ તથા સેકટર-૪માં સરકારી દવાખાનું બંધ હાલતમાં પડયું છે. આ બંને સેકટરમાં મળીને આશરે ૭ હજાર જેટલી વસ્તી ધરાવે છે. જે ભવિષ્યમાં વધી પણ શકે છે. આમ છતાં આ વિસ્તાર પાયાની તબીબી સેવાથી વંચિત હોવાને કારણે આ વિસ્તારના જરૂરિયાતમંદ વર્ગના પરિવારોનું આરોગ્ય જોખમાઈ રહ્યું છે. આ બાબતને ધ્યાનમાં રાખી વોર્ડ નં ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા મ્યુનિસિપલ કમિશનરને લેખિતમાં આ બંને સેકટરને આવરી લેતુ એક અર્બન હેલ્થ સેન્ટર ચાલુ કરવા અનુરોધ કર્યો છે. અર્બન હેલ્થ સેન્ટર વિકસાવવાની બાબતમાં સત્વરે કાર્યવાહી હાથ ધરવા માંગ કરતી રજૂઆત તેમણે આરોગ્ય અધિકારી તથા મેયરને પણ મોકલી આપી છે.

# સુનો ગૌર સે દેશવાલો, હમ પે ઈતના ભાર ન ડાલો

## બાળકોના કૂમળા ખભેથી દફતરનો બોજ દૂર કરવા ગાંધીનગર વિદ્યાર્થી કમિટિનું કલેકટરને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૫

શાળામાં ભણતા કૂમળી વયના બાળકોની પીઠ પર વજનદાર દફતરનો બોજ બાળકોની શારિરીક તંદુરસ્તી તથા તેના કારણે તેમના અભ્યાસ અને વિકાસ પર વિપરિત અસર કરી રહ્યો છે. ગાંધીનગરમાં કેટલાક બાળકોએ મળીને આ બોજને હળવો કરી રાજયભરના બાળકોને ભારેખમ સ્કૂલબેગનું વજન વેંઢારવામાંથી મુકિત અપાવવા છેલ્લા કેટલાક સમયથી પ્રયાસો હાથ ધર્યા છે. આ પ્રયાસ અંતર્ગત આ બાળકો પૈકી પાંચ બાળકોની સમિતિએ ગાંધીનગર જિલ્લા કલેકટર સતિષ પટેલને મળી આવેદનપત્ર આપ્યું હતું. આ આવેદનપત્રમાં બાળકોએ ડિઝીટલ કલાસની સુવિધા ચાલુ કરવાનો અથવા શાળામાં લોકર રાખવાનો વિકલ્પ પણ સૂચવ્યો છે.

ગાંધીનગર વિદ્યાર્થી કમિટિના પાંચ સભ્યોએ આજે જિલ્લા કલેકટર સતિષ પટેલને રૂબરૂ મળી બાળકોના ખભેથી દફતરનો અસહ્ય બોજ હટાવવા માંગ કરતુ આવેદનપત્ર સુપરત કર્યુ હતું. આવેદનપત્રમાં બાળકોએ અત્યંત હૃદયસ્પર્શી ભાષામાં પોતાની રજૂઆત કરતા જણાવ્યું છે કે બાળકો મજૂર નથી, અસહ્ય બોજના કારણે બાળકોની કમર અને ખભા વગેરે પર ગંભીર અસરો પડે છે જેના કારણે બાળકોને વિવિધ શારીરિક તકલીફોનો ભોગ બનવું પડે છે. જે રાષ્ટ્રના ભવિષ્ય સમા બાળકોના ભાવિને ખતરામાં મુકે છે. આવેદનપત્રમાં બાળકોએ જાણીતા હિન્દી ફિલ્મી ગીતની પેરોડી બનાવી પોતાની રજૂઆતને વ્યકત કરી છે. 'સુનો ગૌર સે દેશવાલો, હમ પે ઈતના ભાર ના ડાલો, હમ હૈ નન્હે બચ્ચે પ્યારે, દેશકા ઉજજવલ ભવિષ્ય હે ન્યારે'.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા આ બાળકોએ મોટી સંખ્યામાં એકઠાં થઈ સ્વર્ણિમ પાર્ક ખાતે સરદાર પટેલની પ્રતિમા આગળ દેખાવો પણ કર્યા હતા. જિલ્લા કલેકટર સતિષ પટેલે બાળકોનું આવેદનપત્ર સ્વીકારી તેમની હિંમત અને રજૂઆતને બિરદાવી હતી તથા આ સંબંધે ઘટતું કરવાની ખાત્રી આપી હતી.

### રાહ જોવડાવી છતાં કલેકટરના ઉમળકાથી બાળકો આનંદિત

ગાંધીનગર વિદ્યાર્થી કમિટિના બાળકોને આજે બપોરે ત્રણ વાગે મળવાનો કલેકટર કાર્યાલયમાંથી સમય ફાળવવામાં આવ્યો હતો પરંતુ નિયત સમય કરતા વહેલા પહોંચેલા બાળકોને કલેકટર અગત્યના કામે બહાર હોવાથી ખાસ્સી રાહ જોવી પડી હતી. જો કે કલેકટર સતિષ પટેલ જયારે બાળકોને મળ્યા ત્યારે તેમને ઉમળકાથી આવકારતા અને તેમની રજૂઆતને ધ્યાનથી સાંભળી બાળકોને બિરદાવતા બાળકો તમામ બાબત ભૂલી ગેલમાં આવી ગયા હતાં.



## ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સેકટર-૮-બી પ્લોટ નં. ૪૩૮/૨માં વસવાટ કરતા સ્વ. શાંતિલાલ એમ. સાપરીયા ઉ.વ. ૬૮નું અવસાન થતાં તેઓના કુટુંબીજન કે.એસ. સાપરીયાની સંમતિથી સદગતના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે. કાર્યમાં તબીબી સેવા ડૉ. સૌરભ અને ડૉ. નિરવ તેમજ જુસીકા કાર્યકર ડી.એમ. પરમાર અને રાજુ વાઘેલાએ સદગતના ચક્ષુઓ લેવા સેવા પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદના ચક્ષુ બેંક (સિવિલ હોસ્પિટલ) ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય રાજુ વાઘેલાએ કર્યુ હતું.

## ચિરવિદાય

- સ્વ. બાલકૃષ્ણભાઈ નારાયણધાસ સાધુ, ઉ.વ. ૫૧
- સ્વ. મંદાકિનીબેન મહેશચંદ્ર દ્વિવેદી, ઉ.વ. ૭૮
- સ્વ. શાંતાબેન કાન્તીભાઈ સોલંકી, ઉ.વ. ૭૦
- સ્વ. જાગીબેન ભીખાજી ઠાકોર, ઉ.વ. ૯૭